# અરવલ્લી જિલ્લામાં પ્રચાર પડઘમ બંધ થાય પહેલા ભાજપ-કોંગ્રેસના રોડ શો

અરવલ્લી, તા. ૧૨

બીજા તબક્કાની વિધાનસભાની ચૂંટણીમાં અરવલ્લી જિલ્લાની ૩ મોડાસા-ધનસુરા, બાયડ-માલપુર અને ભિલોડા-મેઘરજ બેઠક પર સત્તા મેળવવા માટે ૨૧ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં ઉતર્યા હોય એક બે ઉમેદવારને બાદ કરતા તમામ ઉમેદવારોએ જોરશોરથી પ્રચાર-પ્રસાર કરી મતદારોને રીઝવવા એડી ચોટીનું જોર લગાવી દીધું હતું. મંગળવારે પ્રચારના અંતિમ દિવસે બાઈક રેલી દ્વારા રોડ-શો કરી શક્તિપ્રદર્શન કરી જીતના દાવા સાથે સભાઓ ગજવી હતી. પરંતુ ૧૪ ડિસેમ્બરે મતદારો કેવો અભિગમ અપનાવશે ઉમેદવારો તથા સમર્થકોની મીટ મંડાયેલી છે. અરવલ્લી જિલ્લા વહીવટી તંત્ર અને ચૂંટણી તંત્ર પણ જિલ્લામાં લોકશાહીના પર્વમાં વધુને વધુ મતદાન કરે તે માટે વિવિધ મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજ્યા હતા. મંગળવારે મોડાસા શહેરમાં



સાયકલ રેલી યોજી હતી. જેમાં ૫૦૦થી વધુ વિધાર્થીઓ સહીત શૈક્ષણિક અગ્રણીઓ જોડાયા હતા.

અરવલ્લી જિલ્લામાં સમાવિષ્ટ ત્રણ વિધાનસભા બેઠકો માટેની સામાન્ય ચૂંટણી ૧૪ ડિસેમ્બરે યોજાનાર હોય જેના કુલ ૭૪૪૧૧૦ મતદારોને રીઝવવા માટે ચૂંટણી જંગમાં ઉતરેલા ૨૧ ઉમેદવારોએ ભરપૂર પ્રચાર-પ્રસાર કરી એડિચોટીનુ જોર લગાવી છેલ્લા દિવસે રોડ-શો કરી વધુમાં વધુ મતદારો સુધી પહોંચવા મરણીયો પ્રયાસ કરતા નજરે પડતા હતા. પ્રચાર બંધ થતા મંગળવારે રાત્રીથી ઉમેદવારો જીત મેળવવા શામ, દામની નીતિ અપનાવી ખાટલા બેઠકો યોજાશે અને ડોર ટુ ડોર પ્રચાર કરશે.

જિલ્લા ચૂંટણી અધિકારીના જાહેરનામા મુજબ અરવલ્લી જિલ્લાના મતદાર વિભાગ બહારના રાજકીય પદાધિકારીઓ, પક્ષના કાર્યકરો, સરઘસ કાઢનારાઓ, ચૂંટણી પ્રચારકો વગેરે કે જેઓ મતદાર વિભાગની બહારથી આવેલા હોય અને જેઓ તે મતદાર વિભાગના મતદારો ન હોય તેઓએ ચૂંટણી પ્રચારના અંત પછી એટલે કે તા-૧૨ ના સાંજના ૫ કલાક પછી તાત્કાલિક ધોરણે અરવલ્લી જિલ્લામાં સમાવિષ્ટ તમામ મતદાર વિભાગો છોડીને જતા રહેવું પડશે. મંગળવારે સાંજથી ચૂંટણી પ્રચારના પડઘમ શાંત થતા ઉમેદવારો તથા સમર્થકો કયા વિસ્તારમાંથી કેટલા વોટ મળશે તેની ગણતરી માડવાની શરૂઆત કરી દીધી છે. જિલ્લાની ત્રણ વિધાનસભાની બેઠકમાં ભલે ૨૧ ઉમેદવારો હોય પરંતુ ખરાખરીનો જંગતો ભાજપ અને કોંગ્રેસ વચ્ચે જ રહેશે.



## ધાનેરા વોર્ડ નંબર-૫માં માવજીભાઈ દેસાઈએ સભા સંબોધી

ધાનેરા વોર્ડ નંબર પાંચ માં ભાજપ ના ઉમેદવાર માવજીભાઈ દેસાઈ એ સભા સંબોધીહતી અને લોકો પાસે ભાજપ ને વિજયી બનાવવા માટે અપીલ પણ કરી હતી. ધાનેરા વોર્ડ નંબર પાંચ માં માવજીભાઈ દેસાઈ એ સભા સંબોધી હતીએ ને લોકો પાસે મત ની માંગણી કરી હતી તો બીજી તરફ લોકો એ પણ માવજીભાઈ ને વિજયી બનવવા ની ખાતરી આપી હતી ત્યારે કરણાજી પદમાજી રબારી ની આગેવાની હેઠળ આ સભા નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વોસદ નંબર પાંચ ના મોટી સંખ્યા માં લોકોએ હાજર રહી માવજીભાઈ ને જીતાડવા માટે હાકલ કરી હતી આ સભા માં રબારી સમાજ ના આગેવાન એવા કરણાજી પદમાજી રબારી તમામ જાતિ ના લોકો અને ભાજપ ના આગેવાનો હાજર રહી સભા ને સફળ બનાવી હતી.



## ખેડબ્રહ્મામાં બીજેપી અને કોંગ્રેસ દ્વારા રેલીઓ યોજાઈ

ખેડબ્રહ્મા વિધાનસભા પર પ્રચારના પડઘમ મંગળવાર સાંજે શાંત થઈ ગયા હતા. તેના પહેલા બીજેપી અને કોંગ્રેસ દ્વારા છેલ્લા પ્રયત્ન મુજબ મતદારોને રિજવવા રેલીઓનું આયોજન કરાયુ હતુ. કોંગ્રેસ દ્વારા ખેડબ્રહ્મા શહેરના વિવિધ માર્ગો પર બાઈકરેલીનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં તાલુકામાંથી મોટી સંખ્યામાં કાર્યકરો જોડાયા હતા જ્યારે ભારતીય જનતા પાર્ટીએ બસ સ્ટેશન વિસ્તારમાંથી પગપાળા યાત્રા શરૂ કરી ગામ વિસ્તારમાં થઈ સ્ટેશન વિસ્તારમાં પહોંચી હતી. જ્યાં માણેકચોકમાં સભામાં રૂપાંતર થઈ હતી. જ્યાં ધારાસભ્ય દીપસિહ રાઠોડ, યુપીના મંત્રી મહેન્દ્રસિંહ ભાષણ કર્યુ કરી કાર્યકરોને પ્રોત્સાહિત કર્યા હતા. છેલ્લી ઘડીના પ્રચારમાં બંને પાર્ટીઓએ પોતાની શક્તિ પ્રદર્શન કર્યું હોય એવું લાગતું હતું.

# પ્રાંતિજ ખાતે કોંગ્રેસની રેલી મહારેલીમાં ફેરવાઈ

### હજારોની સંખ્યામાં કોંગ્રેસ કાર્યકરો સમર્થકો જોડાયા : ઠેર-ઠેર કોંગ્રેસના ઉમેદવાર મહેન્દ્રસિંહ બારૈયાનું સ્વાગત

પ્રાંતિજ, તા. ૧૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજમાં કોંગ્રેસ દ્વારા પ્રાંતિજ ખાતે રેલીનું આયોજન કરવામાં આવ્યું





હતું. જેમાં કોંગ્રેસ કાર્યકરો આગેવાનો સમર્થકો સાથે લોકો હજારોની સંખ્યામાં રેલીમાં જોડાતાં રેલી મહારેલીમાં ફેરવાઈ હતી.

પ્રથમ તબક્કાના મતદાન બાદ બીજા તબક્કાના મતદાનને લઈને હવે એક દિવસ છે અને આજ સાંજ સુધીમાં પ્રચાર પડઘમ શાંત પડશે તો કોંગ્રેસ દ્વારા પ્રાંતિજ-તલોદના ૩૩ વિધાનસભાના કોંગ્રેસના ઉમેદવાર મહેન્દ્રસિંહ બારૈયાની પ્રાંતિજના વિસ્તારમાં રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. રેલીમાં કોંગ્રેસ કાર્યકરો આગેવાનો પ્રદાઅધિકારીઓ સહિત સમર્થકો મોટી સંખ્યામાં જોડાયા હતા. રેલીમાં પાટીદારો તથા ક્ષત્રિય ઠાકોર સેનાના આગેવાનો કાર્યકરો પણ મોટી સંખ્યામાં જોડાયાં હતા. એપ્રોચરોડ કોંગ્રેસ કાર્યાલયથી રેલી નિકળી હતી અને નાની ભાગોળ બજારચોકમાં થઈને ભાંખરીયા બસસ્ટેન્ડ ઉપર પહોચી હતી. બજારમાં ઠેર-ઠેર વેપારીઓ દ્વારા કોંગ્રેસના ઉમેદવાર મહેન્દ્રસિંહ બારૈયાનુ ફુલહાર શ્રીફળ આપીને સ્વાગત કરવામાં આવ્યું હતુ. પટેલવાસ ખાતે પાટીદાર સમાજના આગેવાનો દ્વારા પણ ફુલહાર પહેરાવીને સ્વાગત કરવામાં આવ્યું હતું. પાટીદાર મહિલાઓ દ્વારા હાથમાં કોંગ્રેસનો ધ્વજ લઈને જય સરદાર, જય પાટીદાર, કોંગ્રેસ આવે છે સાથે રેલીનું સ્વાગત કર્યું હતું. નગરપાલિકા પાસે આવેલ સ્કુલ પાસેથી રેલી પસાર થતાં સ્કૂલના બાળકોએ પણ મહેન્દ્રસિંહ બારૈયાને બાળકોએ હાથ ઉંચો કરી અભિવાદન કર્યું હતું. કોંગ્રેસ ઉમેદવાર મહેન્દ્રસિંહ બારૈયાએ પણ હાથ ઉંચો કરી બાળકોનું અભિવાદન ઝીલ્યું હતું. રેલી દરમ્યાન કોંગ્રેસના ઉમેદવાર મહેન્દ્રસિંહ બારૈયા દ્વારા લોકોનું અભિવાદન ઝીલીને બે હાથ જોડીને મતદારો પાસે મત આપવાં વિનંતી કરી હતી. બીજી બાજુ કોંગ્રેસ કાર્યકરો સમર્થકો આગેવાનો હાથે હજારોની સંખ્યામાં લોકો રેલીમાં જોડાયાં હતાં અને બજારચોકથી નાનીભાગોળ સુધી રેલી લાંબી જોવા મળી હતી. રેલી મહારેલીમાં ફેરવાઈ ગઈ હતી.



## યોગી આદિત્યનાથે ગ્વાલીનાથમાં પૂજા કરી

ઉત્તરપ્રદેશના લોકપ્રિય મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ આજે કિર્તીસિંહ વાઘેલાના પ્રચારર્થે થરા ખાતે આવ્યા હતા. ૯ કલાકે હોલીકોપ્ટરમાં થરા શીશુ મંદિર ખાતે ઉતરાણ કરી ત્યાંથી વાળીનાથ ભગવાનના મંદિરમાં જઈ પૂજા અર્ચના કરી હતી તથા ઘનશ્યામપુરી બાપુ તેમજ કિર્તીસિંહ વાઘેલાએ તેમનું સ્વાગત કર્યુ હતુ. ત્યારબાદ ઉત્તર ગુજરાતનુ સુપ્રસિદ્ધ મંદિર ટોટાણા સદારામ બાપાના દર્શન કરી મંદિરમાં દર્શન કર્યા હતા. તેમણે ગુજરાતના વિકાસ મોડલની પ્રસંશા કરી ગુજરાતમાં થયેલ વિકાસ વિશે જણાવી કાંકરેજમાંથી ભાજપના ઉમેદવારને વિજયી બનાવવા આહવાન કર્યુ હતુ. આ પ્રસંગે દુષ્યંતભાઈ પંડ્યા, અણદાભાઈ પટેલ, સુખદેવસિંહ સોઢા, અમૃતભાઈ દવે, પૃથ્વીરાજસિંહ વાઘેલા, કિશોર પ્રજાપતી, ડાયાભાઈ પીલીયાતર, ઈસુભા વાઘેલા, ડૉ. ભારતીબેન સોની, રાયમલભાઈ પટેલ, ધર્મેન્દ્રસિંહ વાઘેલા, તેનાજી ઠાકોર, કનુભાઈ ઠક્કર, ઉમેદભાઈ પ્રજાપતી, હંસપુરી ગોસ્વામી, ડૉ. રાજેશભાઈ બ્રહ્મભટ્ટ હાજર રહ્યા હતા.

# કાંકરેજ તાલુકાના શિરવાડા ખાતે ભાજપના ઉમેદવાર કિર્તીસિંહ વાઘેલાની ચૂંટણી સભા યોજાઈ

કાંકરેજ, તા. ૧૨

સમગ્ર ગુજરાતમાં ચૂંટણીના પડધમ વાગી રહ્યા છે ત્યારે બંને પક્ષોએ ચૂંટણી જીતવા માટે એડીચોટીનુ જોર લગાવી રહ્યા છે. ત્યારે બંને પક્ષોએ પ્રચાર અને પ્રસારના શ્રી ગણેશ કર્યા હતા એના અનુસંધાને ભાજપ પક્ષ દ્વારા બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ તાલુકાના શિરવાડામાં



મંગળવારના રોજ બપોરે ૧ વાગે કાંકરેજ-૧૫, વિધાનસભાના ઉમેદવાર કિર્તીસિંહ વાઘેલાની ચૂંટણી સભાનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. તેમાં પધારેલ મહાનુભાવોનુ બાલિકાઓ દ્વારા કુમ-કુમ તિલક, શાલ તેમજ ફુલહારથી તેમનુ ઉમળકાભેર સ્વાગત કરવામાં આવ્યુ હતુ. તેમાં પધારેલ મહાનુભાવોએ પ્રાસંગીક પ્રવચન દ્વારા કાંકરેજ વિધાનસભામાં કિર્તીસિંહ વાઘેલાને જીતાડવા માટે આહવાન કરવામાં આવ્યુ અને વિશેષમાં હરગોવનભાઈ શિરવાડીયાએ પોતાના પ્રાસંગીક પ્રવચનમા જણાવ્યુ હતુ કે આ વખતે ગુજરાતમાં ભાજપની સરકાર આવવાની છે એ નક્કી છે તો આ વખતે કાંકરેજમાંથી કિર્તીસિંહ વાઘેલાને અને કાંકરેજમાંથી કમળને ગાંધીનગર આ વખતે આપણે જંગી બહુમતીથી જીતાડી ગાંધિનગર મોકલશો એવો મને વિશ્વાસ છે અને દરેક નાગરીકને પોતાનો મત આપવાનો અધિકાર છે અને પોતાનો કિંમતી મત કાંકરેજના ૧૫, વિધાનસભાના ભાજપના ઉમેદવાર કિર્તીસિંહ વાઘેલાને પોતાનો કિંમતી મત આપી અપાવી વિજયી બનાવશો એવી મને આશા છે.

આ કાર્યકર્મમાં ભાજપના વિધાનસભાના ઉમેદવાર કિર્તીસિંહ વાઘેલા, જિલ્લા પંચાયતના સદસ્ય હરગોવનભાઈ શિરવાડીયા, અચરતલાલ ઠકકર, જસુભાઈ રાવળ, તાલુકા પંચાયત સદસ્ય પ્રહલાદભાઈ જોષી, કિશાન મોરચાના જિલ્લા ઉપ પ્રમુખ પરસોતમભાઈ જોષી, શિરવાડા સંરપંચ કરશનભાઈ જોષી, નાનજીભાઈ જોષી, હરીભાઈ જોષી, રમેશભાઈ દવે, સંજય જોષી, પ્રહલાદ પુરોહીત, વિનોદ જોષી, શિવરામભાઈ જોષી, ગોડાભાઈ જોષી, કનુભાઈ જોષી, દયારામભાઈ જોષી, જ્યંતીભાઈ જોષી, બાબુભાઈ જોષી, ચેહરાભાઈ જોષી, દશરતભાઈ જોષી, પ્રવિણભાઈ જોષી, વગેરે તથા ગામના લોકો ભાઈઓ, બહેનો, યુવાનો, બાળકો બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

# ડીસા મત વિસ્તારના ઠાકોર સમાજનું ભાજપને સમર્થન

ડીસામાં વિધાનસભાની ચૂંટણીને લઈ રાજકીય ગરમાવો હવે ઉફાન પર જોવા મળી રહ્યો છે. ડીસા બેઠકના ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારની જાહેરાત થયા બાદ ઠાકોર સમાજની નારાજગીના લીધે ભાજપ ડીસામાં મુશ્કેલીમાં મુકાઈ શકે એવો અપપ્રચાર થવા માંડ્યો હતો પરંતુ આજે આ મામલે ચાલતી તમામ અટકળો પર પૂર્ણ વિરામ લાગી ગયું છે. ડીસા વિધાનસભા મત વિસ્તારના ઠાકોર સમાજના આગેવાનોએ આજે દામાં ગામે ઠાકોરવાસમાં આવેલા રાહી કોલ્ડ સ્ટોરેજ ખાતે સંમેલન યોજી ભાજપને ખુલ્લું સમર્થન જાહેર કર્યું છે. ઠાકોર સમાજના ભાજપને મજબૂત સમર્થનની જાહેરાત બાદ તમામ અટકળોનો અંત આવી ગયો છે. આજે ઠાકોર સમાજના અગ્રણી અને પાટણના સાંસદ લીલાધારભાઈ વાઘેલાના સુપુત્ર દિલીપભાઈ વાઘેલા, લેબજીભાઈ ઠાકોર, રસિકજી ઠાકોર, ભાજપના ઉમેદવાર શશીકાન્તભાઈ પંડ્યા,ડીસા બેઠકના ભાજપના ચૂંટણી ઈન્ચાર્જ મગનલાલ માળી સહિત અન્ય અગ્રણીઓની ઉપસ્થિતિમાં યોજાયેલા આ સંમેલનમાં ઠાકોર સમાજના આગેવાનોએ વિધાનસભા ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર શશિકાન્તભાઈ પંડ્યાને મજબૂત સમર્થન આપી તેમને જંગી બહુમતીથી જીતાડવાની ખાતરી આપી હતી. ઠાકોર સમાજે ભાજપની પડખે ઉભા રહેવાની ખાતરી આપતા ડીસા બેઠક પર ભાજપની સ્થિતિ વધુ મજબૂત બની ગઈ છે અને ઠાકોર સમાજની કહેવાતી નારાજગીની અટકળોનો પણ અંત આવી ગયો છે.

## પ્રાંતિજના ધડકણ ખાતે પાટીદાર આગેવાન પટેલ જગદીશભાઈ મુખીનું હાર્ટ એટેકથી મોત

પ્રાંતિજ, તા. ૧૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાનાં ધડકણ ખાતે રહેતાં પાટીદાર સમાજના અગ્રણી પટેલ જગદીશભાઈ મથુરભાઈ અને મુખીના હુંડીયામણાં નામથી જાણીતાં સેવાભાવી જગદીશભાઈ મુખીનું હદયરોગના હુમલાથી અચાનક મોત થતા સગા સંબધીઓ સહિત સમાજ અને ગામમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

પ્રાંતિજના ધડકણ ખાતે રહેતાં જગદીશભાઈ મથુરભાઈ પટેલ અને ગામમાં તથા આજુબાજુના ગામોમાં નાનાથી મોટા સૌ કોઈ તેમને મુખીના હુંડીયામણાં નામથી જાણીતા એવા મુખી જગદીશભાઈ પટેલનું અચાનક હાર્ટ એટેકથી મોત નિપજ્યું છે. તેવો બે ટમ સુધી ગામમાં સરપંચ તરીકે



કાર્યભાર સંભાળ્યો હતો અને એક ટમ તાલુકા સદસ્ય પણ રહેલા. ગામમાં દૂધ મંડળીના ચાલુ ચેરમેન તથા નવરાત્રી મંડળના પ્રમુખ તરીકે સેવાઓ આપી રહ્યા હતા.

## પ્રચારનો અંત

● અનુસંધાન પહેલાનું ચાલુ

ટકાવારી વધે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં ૧૯ જિલ્લાની ૯૩ સીટ પર ૧૪મી ડિસેમ્બરના દિવસે બીજા તબક્કામાં મતદાન થનાર છે. ભાજપે તમામ ૯૩ સીટ પર પોતાના ઉમેદવારો મેદાનમાં ઉતાર્યા છે. જ્યારે કોંગ્રેસે ૯૧ સીટ પર પોતાના ઉમેદવારો ઉભા રાખ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મણિનગર, અમિત શાહના નારણપુરા અને આનંદીબેન પટેલની વિધાનસભા સીટ પણ બીજા તક્કાના મતદાનમાં આવરી લેવામાં આવી છે. પ્રથમ તબક્કાની જેમ જ બીજા તબક્કામાં પણ ભાજપ અને કોંગ્રેસ તરફથી તમામ દિગ્ગજો મેદાનમાં આવ્યા હતા.જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કોંગ્રેસના પ્રમુખ રાહુલ ગાંધીનો સમાવેશ થાય છે. ગુરુવારના રોજ રાજયની જે ૯૩ બેઠકો ઉપર મતદાનની પ્રક્રીયા હાથ ધરવામા આવનાર છે . આ બેઠકો ઉપર કુલ મળીને ૮૫૧ જેટલા ઉમેદવારોનુ ભાવિ ઈવીએમમા સીલ થઈ જશે.આ અંગે મળતી માહિતી અનુસાર,રાજયની કુલ ૧૮૨ વિધાનસભા બેઠક માટે પહેલા તબકકાનુ મતદાન ૯ ડિસેમ્બરના રોજ પુરુ થયા બાદ હવે બીજા તબકકા માટે ગુરુવારના રોજ મતદાન પ્રક્રીયા હાથ ધરવા માટે ચૂંટણીપંચ તરફથી તમામ તૈયારી પુરી કરી લેવામા આવી છે. છેલ્લા કેટલાક સમયથી રાજયના વિવિધ જિલ્લાઓ અને તાલુકા મથકો ખાતે રાજકીયપક્ષો દ્વારા કરવામા આવી રહેલા પ્રચાર અને પ્રસાર ઉપર મંગળવાર સાંજે પાંચ કલાકે રોક લાગી ગઈ હતી. ગુજરાત વિધાનસભાની પ્રથમ તબકકાની ચૂંટણી માટે ૬૬.૭૫ ટકા મતદાન થવા પામ્યુ હતુ. બીજા તબકકામા કુલ ૯૩ બેઠકો માટે કુલ ૮૫૧ ઉમેદવારો મેદાનમા છે તેવા સમયે રાજયમાં સૌ પ્રથમવાર વિધાનસભાની ચૂંટણી વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સીધી હાજરી વગર યોજાઈ રહી હોઈ વડાપ્રધાન દ્વારા રાજયમાં સતત ચોથી વખત તેમના પક્ષની સરકાર રચાય એ માટે ઝંઝાવાતી ચૂંટણી પ્રચાર કરવામા આવ્યો હતો.આ સાથે જ કોંગ્રેસ તરફથી રાહુલ ગાંધી દ્વારા તેમના પક્ષને ૨૨ વર્ષ બાદ સત્તા મળવાના સંજોગો દેખાતા તેમના દ્વારા પણ કોંગ્રેસ માટે પ્રચાર કરવામા આવ્યો હતો. આ ઉપરાંત પણ ભાજપ અને કોંગ્રેસના અનેક નેતાઓ દ્વારા આ ચૂંટણીમા પ્રચાર કરવામા આવ્યો કે જેમાં પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહ,ચિદમ્બરમ સહિતના નેતાઓનો સમાવેશ થતો હતો.૧૬થી વધુ ઉમેદવારો મેદાનમા છે ત્યાં બે ઈવીએમ આપવામા આવશે.મહેસાણામાં ૩૪ ઉમેદવારો, વટવામાં ૧૬, વિરમગામમા ૨૨, રાધનપુરમાં ૧૭, બાપુનગરમાં ૧૬,ધંધુકામાં ૧૬, ઉમેદવારો મેદાનમા છે. સૌથી વધુ ઉમેદવારો મહેસાણામાં ૩૪ અને સૌથી ઓછા ઉમેદવાર ઝાલોદમાં બે છે.કુલ મળીને ૨૫,૫૭૫ પોલિંગ સ્ટેશન ઉપર મતદાનની પ્રક્રીયા હાથ ધરવામા આવશે. કુલ મતદારો ૨,૨૨,૯૬,૮૬૭ છે. કુલ ૧.૭૪ લાખ પોલીસ જવાનો, સર્વેલન્સ, સીસીટીવી કેમેરા સાથે કુલ ૨.૪૧ લાખ કર્મચારીઓ ફરજ બજાવશે.ગુજરાત વિધાનસભાની ચૂંટણી માટે શનિવારના દિવસે પ્રથમ તબક્કાનું મતદાન થયું હતું.